નરોડા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

E mail :- polstn-naroda-ahd@gujarat.gov.in Phone No. 079 22815814

પ્રેસનોટ- નરોડા પોલીસ સ્ટેશન

ચોરી અગર છળકપટથી મેળવેલ મોબાઇલ નંગ-૨ તથા રોકડા રૂપીયા તથા સી.એન.જી રીક્ષા મળી કુલ્લે કિ રૂ ૭૯,૮૦૯/- ના મુદ્દામાલ સાથે ત્રણ બહેનો તથા એક ઇસમને પકડી પાડતી નરોડા પોલીસ

ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ મીલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા સારૂ તથા બનેલ ગુન્હા અટકાવવા સારૂ સઘન પેટ્રોલીંગ કરવા સારૂ આપેલ સુચના અનુસંધાને કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ સખતમા સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરશ્રી નાઓની સુચના મુજબ એ.એસ.આઇ શ્રી જયેન્દ્રસિંહ રૂપસિંહ તથા સર્વેલન્સ સ્કવોડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ નાઓની બાતમી હકીકત આધારે (૧) રાકેશભાઇ રાજેશભાઇ ભોગેકર ઉ.વ-૩૫ રહે ફ્રી કોલોની છારાનગર,સરદારનગર ,અમદાવાદ (૨) સુનીતાબેન વા/ઓ રાજુભાઇ રમેશભાઇ ગુમાને ઉ.વ-૪૮ રહે ફ્રી કોલોની,કુબેરનગર,છારાનગર,અમદાવાદ (૩) સુનીતાબેન વા/ઓ હરીભાઇ નાથાભાઇ મોરીયા ઉ.વ-૫૦ રહે મ.નં-૧૫૦,બી વોર્ડ,કુબેરનગર,સરદારનગર,અમદાવાદ (૪) પ્રભાબેન વા/ઓ મહેશભાઇ ધીરૂભાઇ રાઠોડ ઉ.વ-૪૭ રહે નવખોલી,છારાનગર, સરદારનગર,અમદાવાદ નાઓને તેમની પાસેના મોબાઇલ નંગ-૨ કિ રૂ ૧૧,૫૦૦/- તથા ૯ પર્સ કિ રૂ ૦૦/- તથા રોકડા રૂપીયા ૮,૩૦૯/- તથા સી.એન.જી રીક્ષા કિ રૂ ૬૦,૦૦૦/- એમ કુલ્લે રૂ ૭૯,૮૦૯/-ની મત્તા સાથે પકડેલ હોય જે ઉપરોક્ત મુદ્દામાલ સબંધે કોઇ આધાર પુરાવા રજુ નહી ઉપરોક્ત મુદ્દામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી ઉપરોક્ત ચારેયને સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી તેઓએ કેટલા ગુન્હા કરેલ છે કે કેમ તે અંગે હાલમા તપાસ ચાલુ છે.

તા-૨૯/૧૨/૨૦૧૯